ઉત્તર પ્રદેશમાં મુખ્યમંત્રી પદના ઉમેદવાર ભાજપા જાહેર કરે નહીં તો દિલ્હી-બિહાર જેવા હાલ થશે

- સાધ્વી પ્રાચી

અદનામાં અદનાં જનોનાં સંત-સેવિકા : મધર ટેરેસા

પ્રાસંગિક

- ડૉ. વિનાયક જાદવ

મધર ટેરેસાને મૃત્યુનાં ૧૯ વર્ષ બાદ ઔપચારિકપણે સંત જાહેર કરવામાં આવી રહ્યાં છે. તેની પાછળ પણ એક માર્મિક વિચારસરણી અને સુનિશ્ચિત પ્રક્રિયા રહેલી છે

વિશ્વવંદનીય મધર ટેરેસા તેમની ૧૯મી પુણ્યતિથિની પૂર્વસંધ્યાએ તા. ૪થી સપ્ટેમ્બર, ૨૦૧૬ને રવિવારના રોજ વેટિકનનાં સેન્ટ પીટર મહાદેવાલયનાં પ્રાંગણમાં નામદાર પોપ ફ્રાન્સિસ દ્વારા 'કોલકાતાનાં સંત ટેરેસા' નામે સંતોની પંક્તિમાં મુકાશે. એ સાથે રોમન કેથોલિક ધર્મના વિધિ-વિધાનો, ઉપાસનાઓ અને ધર્મશિક્ષણમાં મધર ટેરેસાનું નામ સંત તરીકે અધિકૃતપણે લેવાશે. એમનાં નામે નિયત દિવસે ધાર્મિક પર્વ ઊજવાશે. એમનાં નામના જાપ દ્વારા પ્રાર્થનાઓમાં ઈશ્વરને વિનવણી થશે. એમનાં નામે દેવાલયો અર્પણ કરવામાં આવશે, જોકે સ્ટેટમેન સામયિકના પદ્મશ્રી સન્માનિત તસવીરકાર અને મધર ટેરેસાના આર્દ્ર ઉપાસક એવા રઘુરાયે તેમનાં પુસ્તક The saint motherમાં કહ્યું : "વેટિકનને ભલે હી પ્રક્રિયા કે તૌર પર ઈતની દેર કર દી, હમ તો શુરુ સે હી કહ રહ થે કી મધર સંત હૈ।" હા, જગતે જેમને 'જીવતા સંત' અને 'ગટરના સંત' જેવાં બિરૂદોથી ક્યારનાં નવાજી દીધાં હતાં. તેમને હવે મૃત્યુનાં ૧૯ વર્ષ બાદ ઔપચારિકપણે સંત જાહેર કરવામાં આવી રહ્યાં છે. તેની પાછળ પણ એક માર્મિક વિચારસરણી અને સુનિશ્ચિત પ્રક્રિયા રહેલી છે.

કેથોલિક ધર્મમાં દિવંગત શ્રદ્ધાળુને સંતની પંક્તિમાં મૂકવાની પ્રક્રિયાને અંગ્રેજીમાં 'કેનનાઈઝેશન' કહે છે. કેનન એટલે કાનૂન અર્થાત્ કાયદો એટલે કે રોમન કેથોલિક ધર્મ તેમજ અન્ય કેટલાક સંલગ્ન ખ્રિસ્તી સમુદાયોમાં કાયદેસરની સ્વીકૃત-માન્ય એવી સંતોની અધિકૃત પંક્તિ કે યાદી. નમૂનેદાર જીવન જીવી

ગયેલ સદ્‌ગત ભક્તને સુદીર્ઘ જાંચ-તપાસને અંતે કેવળ અને કેવળ નામદાર પોપ દ્વારા સંત ઘોષિત કરવાની વિધિ એટલે 'કેનનાઈઝેશન.' પહેલાં કોઈ સુવિખ્યાયિત પ્રક્રિયા વિના જ સંતો ઘોષિત કરવામાં આવતા. વિજ્ઞાનના યુગમાં એક જડબેસલાક અને શ્રદ્ધેય પ્રક્રિયાને અંતે જ હવે એ કરવામાં આવે છે. આરંભે શહીદો જ સંત મનાતા, પરંતુ ધીમેધીમે માનવજાત માટે અસાધારણ પ્રેરણાદાયી જીવન જીવી જતા શ્રદ્ધાળુઓ પણ દંઢ માપદંડોને આધારે એમાં ઉમેરાતા ગયા. વેટિકનની શાસનવ્યવસ્થામાં સંત માટેની જાંચ-તપાસનું વિશિષ્ટ ખાતું હોય છે. જેને congregation for the causes of saints અર્થાત્ સંતત્વના આરણકારણનું તપાસમંડળ કહે છે. જેનું મુખ્ય કામ આપણી ગુજરાતી રૂઢિમાં કહીએ તો 'સંતનાં પારખાં' કરવાનું છે. નામદાર પોપ જ્હોન પોલ બીજાએ ૧૯૮૬માં જારી કરેલાં નવાં ધારાધોરણો અનુસાર સંતત્વની તપાસપ્રક્રિયાના ચાર તબક્કા છે.

૧. સદ્‌ગતિનાં પાંચ વર્ષ બાદ જ(નામદાર પોપ અપવાદ કરી શકે) જે તે શ્રદ્ધાળુને સંતત્વ પ્રદાન કરવાની ઔપચારિક વિનંતી શ્રદ્ધાળુના સ્થાનિક ધર્મસંઘ કે સમાજ દ્વારા ધર્માધ્યક્ષ(બિશપ)ને કરવાની હોય છે, જેમાં જે તે શ્રદ્ધાળુ કેવું જીવન જીવ્યા હતા તેમજ તેમનાં સંતત્વ માટેની ભલામણો અને કારણો આપવાનાં હોય છે. સ્થાનિક બિશપને યોગ્ય જણાય તો જ તેઓ વેટિકન ખાતે એ માટેનું વિશિષ્ટ તપાસપંચ નીમવાની ખાતાને વિનંતી કરે છે. પંચ સાક્ષીઓ બોલાવી, સદ્‌ગતની ભલાઈ, ઈશ્વરપરાયણતા, પવિત્રતા તેમજ સદ્‌ગુણો વિશેના પુરાવા એકઠા કરીને જો તરફેણમાં નિર્ણય કરે તો સદ્‌ગતને 'ઈશ્વરના સેવક' જાહેર કરવામાં આવે છે.

૨. નવ જેટલા ધર્મવિદ્વાનોની સમિતિ સદ્‌ગતનાં લખાણો, વિચારો અને તેમની તરફેણમાં રજૂ કરવામાં આવેલા સંતત્વના પુરાવાઓ ચર્ચના અધિકૃત શિક્ષણ સાથે સુસંગત છે કે નહીં તે ચકાસે છે. આ પ્રક્રિયામાં એક વિદ્વાન 'શેતાનના વકીલ'ની ભૂમિકા ભજવીને સદ્‌ગતનાં સંતત્વ આડે શક્ય એટલા પ્રશ્નો અને વાંધા ઉઠાવે છે. આવી ઝીણવટભરી તપાસ અને કસોટીમાં પાર ઊતરનાર દિવંગત શ્રદ્ધાળુને હવે 'વંદનીય'નું બિરુદ આપવામાં આવે છે.

૩. જો દિવંગતે પોતાની શ્રદ્ધાની સાક્ષીરૂપે શહીદી વહોરી હોય તો તેમને ત્વરિત 'પુનિત' ઘોષિત કરવામાં આવે છે. એ સિવાયના સંજોગોમાં દિવંગતની(વિનવણી) વડે થયેલી પ્રાર્થના દ્વારા જો કોઈ અસાધારણ હકારાત્મક પરિણામ આવ્યું હોય તો તેને 'ચમત્કાર' ગણીને દિવંગતને 'પુનિત' જાહેર કરવામાં આવે છે. આમ, 'પુનિત' ઘોષિત થયેલા દિવંગતને વિશ્વસ્તરે નહીં, બલકે સ્થાનિક સ્તરે જ પૂજનીય ગણવામાં આવે છે.

૪. 'પુનિત' ઘોષિત થયેલ દિવંગતને નામે કરેલી પ્રાર્થના દ્વારા બીજું એક અસાધારણ પરિણામ(ચમત્કાર) નીપજે તો તેની વૈજ્ઞાનિક ચકાસણી બાદ સંતત્વનાં આરણકારણ તપાસવાની ફરજ બજાવવા વહીવટી વિભાગ દ્વારા નામદાર પોપને ભલામણ કરવામાં આવે છે. કેવળ નામદાર પોપ જ પ્રાર્થના, સદ-અસદ્‌ની પ્રેરણાઓનો વિવેક તેમજ જરૂરી સલાહ બાદ નિર્ણય લઈને સદ્‌ગતને સંત જાહેર કરતો પરિપત્ર બહાર પાડે છે.

મધર ટેરેસા પણ ૧૯ વર્ષ પર્યંતની આવી કડી તપાસમાંથી પાર ઊતરેલ એક પુણ્યશાળી આત્મા હતાં. એમનાં વાણી-વિચાર-આચારમાં સઘળું એકસૂત્રી અને એકનિષ્ઠ હતું. ઝૂંપડપટ્ટીઓમાં અને ફૂટપાથ કે કચરાના ઢગલા પર તરછોડાયેલાં, રિબાતાં અદનામાં અદનાં જનોને હૈયાસરસાં ચાંપીને 'માનવ'ને છાજે એવું ગૌરવભર્યું જીવન કે મરણ બક્ષવાની અપ્રતિમ ને આકરી લોકસેવા તેમણે નિભાવી. 'લોકસેવા એ જ પ્રભુસેવા' એમનો જીવનમંત્ર હતો. ૮ વર્ષની કુમળી વયે પિતાની છત્રછાયા ગુમાવ્યા બાદ માતાના ઉછેરમાં એમને કરુણાના સંસ્કાર સાંપડ્યા. માદરેવતન મેસોડોનિયાના સ્કોજે શહેરનાં ભૂખ્યાંજનોને તેમની માતા પોતાના પરિવાર સાથે જમવા નોતરતી ત્યારે કહેતી, "બેટા ! અન્ય સાથે વહેંચ્યા વિના કદી કોળિયો મોંમાં ન મૂકવો." આગ્નેસ(મધર ટેરેસાનું મૂળ નામ) ત્યારે પૂછતી કે, "આપણી સાથે જમવા નોતરેલાઓ કોણ છે ?" માતા ત્યારે જવાબ આપતી, "કેટલાંક આપણાં સગાં છે પણ બધાં આપણાં જ લોકો છે." ૧૯ વર્ષની ઉંમરે ભારત આવ્યાં. બંગાળી અને હિંદી શીખ્યાં. કોલકાતાની પ્રતિષ્ઠિત લોરેટો સ્કૂલમાં ૧૮ વર્ષ શિક્ષિકા તરીકે ઈતિહાસ અને ભૂગોળ ભણાવ્યાં. છેલ્લાં બે વર્ષ આચાર્યા તરીકેની યશસ્વી કામગીરી બાદ ૧૯૪૬માં એમને પ્રબળ પ્રેરણા થઈ. એ જ નગરની ઝૂંપડપટ્ટીઓમાં વસતાં દરિદ્ર અને નગરજીવનની વિરુપતામાં વિલોપતાં સમાજનાં 'તુચ્છ' જનોની સેવા કરવાનો અંતરનાદ એમણે સાંભળ્યો. એ કાર્યમાં ક્રમશઃ પોતાની ભૂતપૂર્વ વિદ્યાર્થિનીઓ અને સાથી શિક્ષિકાઓ જોડાઈ. એ સૌનો મળીને ૧૯૫૦માં 'મિશનરીઝ ઓફ ચેરિટી' સંઘ સ્થાપ્યો. જોતજોતામાં ૧૨૩ દેશોમાં સાડા ચાર હજાર સેવિકાઓનો કાફલો હાંસિયાની ધારે ધકેલાયેલાઓની સેવામાં વિશ્વભરમાં કાર્યરત થયો. મધરની સેવાની નોંધ અસંખ્ય પારિતોષિકોરૂપે જગતના દેશ-દેશે લેવાઈ. દાનના અવિરત પ્રવાહ ઉપરાંત ટપાલટિકિટો દ્વારા એમના સેવાર્પણની વિશિષ્ટ કદર થઈ. ૧૯૭૯માં શાંતિનું નોબેલ પારિતોષિક અને ૧૯૮૦માં 'ભારત રત્ન' એમાં વિશેષ ધ્યાનપાત્ર ગણાય, પરંતુ એ બધું એમણે સ્વીકાર્યું : જેમને કાજે તેઓ સમર્પિત હતાં તે ગરીબો વતી અને તેમના પ્રત્યેના પ્રેમના પ્રતીકરૂપે. મધરે માનવતાને જેવી આચારથી ઉજાળી તેવી માનવજાતને વાણી અને વિચારથી સંસ્કારી.